# Official Spokesperson's response to media queries on social media post by Hyundai Pakistan on the so called Kashmir Solidarity Day

February 08, 2022

---

# હ્યુન્ડાઈ પાકિસ્તાને કથિત કાશ્મીર સોલિડેરિટી ડે નિમિત્તે સોશિયલ મીડિયા પર કરેલી પોસ્ટ અંગે મીડિયાના સવાલો પર સત્તાવાર પ્રવક્તાનો જવાબ

ફેબ્રુઆરી 08, 2022

**હ્યુન્ડાઈ પાકિસ્તાન દ્વારા કથિત કાશ્મીર સોલિડેરિટી ડે નિમિત્તે સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી પોસ્ટ અંગે મીડિયાના સવાલોનો જવાબ આપતા સત્તાવાર પ્રવક્તા શ્રી અરિંદમ બાગચીએ જણાવ્યું :**

"અમે હ્યુન્ડાઈ પાકિસ્તાન દ્વારા કથિત કાશ્મીર સોલિડેરિટી ડે પર એક સોશિયલ મીડિયા પોસ્ટ જોઈ હતી. રવિવાર, 6 ફેબ્રુઆરી 2022ના રોજ આ સોશિયલ મીડિયા પોસ્ટ થયા પછી તરત જ સિયોલ ખાતે અમારા રાજદૂતે હ્યુન્ડાઈ હેડક્વાર્ટરનો સંપર્ક કર્યો અને ખુલાસો માંગ્યો હતો. બાદમાં વાંધાજનક પોસ્ટ દૂર કરવામાં આવી હતી. વિદેશ મંત્રાલય દ્વારા ગઈકાલે 7મી ફેબ્રુઆરી 2022ના રોજ રિપબ્લિક ઓફ કોરિયાના રાજદૂતને બોલાવવામાં આવ્યા હતા. હ્યુન્ડાઈ પાકિસ્તાન દ્વારા અસ્વીકાર્ય સોશિયલ મીડિયા પોસ્ટ પર સરકારની તીવ્ર નારાજગી તેમને જણાવવામાં આવી હતી. આ મામલો ભારતની પ્રાદેશિક અખંડિતતા સાથે સંબંધિત છે જેના પર કોઈ સમાધાન થઈ શકે નહીં તે બાબત પણ જણાવવામાં આવી હતી. અમે અપેક્ષા રાખીએ છીએ કે કંપની આ મુદ્દાઓને યોગ્ય રીતે ઉકેલવા માટે યોગ્ય પગલાં લેશે. રિપબ્લિક ઓફ કોરિયાના વિદેશ પ્રધાન શ્રી ચુંગ યુઈ-યોંગે આજે સવારે વિદેશ મંત્રીને ફોન કર્યો હતો. તેઓએ ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી અને વિદેશ મંત્રીએ પણ જણાવ્યું કે તેઓ સોશિયલ મીડિયા પોસ્ટ ભારતના લોકો અને ભારત સરકારની લાગણી દુભાઈ તે બદલ ખેદ વ્યક્ત કરે છે.

હ્યુન્ડાઈ મોટર્સ દ્વારા એક નિવેદન પણ બહાર પાડવામાં આવ્યું હતું જેમાં ભારતના લોકો પ્રત્યે તેનો ઊંડો ખેદ વ્યક્ત કરવામાં આવ્યો હતો અને સ્પષ્ટ કર્યું હતું કે તે રાજકીય અથવા ધાર્મિક મુદ્દાઓ પર ટિપ્પણી કરતી નથી.

ભારત વિવિધ ક્ષેત્રોમાં વિદેશી કંપનીઓના રોકાણને આવકારે છે. પરંતુ સાથે સાથે એવી અપેક્ષા પણ રાખવામાં આવે છે કે આવી કંપનીઓ અથવા તેમની સાથે સંકળાયેલી સંસ્થાઓ સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાની બાબતો પર ખોટી અને ભ્રામક ટિપ્પણીઓથી દૂર રહેશે."

**નવી દિલ્હી**
**ફેબ્રુઆરી 08, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.